https://gujaratexclusive.in/paralyzed-entrepreneurs-honored-by-edi/

# EDII ખાતે સ્થાપિત દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર રાજ્યના દિવ્યાંગજનોના સર્વાંગી ઉત્કર્ષ અર્થે તમામ પ્રયત્નો કરશે: પ્રદીપ પરમાર



- **EDI દ્વારા આંતરરાષ્ટ્રીય દિવ્યાંગજન દિવસ નિમિત્તે દિવ્યાંગ ઉદ્યોગ સાહસિકોનું સન્માન કરાયું**

- **દિવ્યાંગજનોની સમસ્યાઓ અને પ્રશ્નોને હલ કરવા કયા પ્રકારની યોજનાઓ ઘડવી જોઈએ તે વિશે વિચારવાનો છે**

**ગાંધીનગર:** ગુજરાત સરકારના સમાજ સુરક્ષા ખાતા અને ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમના ઉપક્રમે ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થા ( EDII ), અમદાવાદ ખાતે દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. 3 ડિસેમ્બરને આંતરરાષ્ટ્રીય દિવ્યાંગજન દિવસ તરીકે મનાવવામાં આવે છે. ઇડીઆઇઆઈ ખાતે આ દિવસની ઉજવણીના ભાગરૂપે ઉત્કૃષ્ટ દિવ્યાંગ ઉદ્યોગ સાહસિકોને સન્માનવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના મંત્રી પ્રદીપ પરમારના હસ્તે ઉદ્યોગસાહસિકોને એવોર્ડ આપવામાં આવ્યા હતા.

મંત્રી પ્રદીપ પરમારે પ્રસંગોચિત ઉદબોધન કરતાં જણાવ્યું કે, સામાજિક અભિગમો અને વિકલાંગતાની ભાવના દિવ્યાંગજનો માટે તકોને મર્યાદિત કરે છે તેમજ સામાજિક અને આર્થિક જીવનમાં તેમની સહભાગીદારીને નિયંત્રિત કરે છે. સૌથી મોટો પડકાર દિવ્યાંગજન માટે સાનુકૂળ વાતાવરણ સ્થાપિત કરતી વિવિધ સરકારી નીતિઓના સફળ અમલીકરણનો છે.

દિવ્યાંગજનોને સમાજના મહત્વપૂર્ણ સદસ્યો ગણવા, વિવિધ તકો, માર્ગદર્શન અને કૌશલ્ય નિર્માણ તાલીમ કાર્યક્રમો છે, જે દ્વારા તેઓને સ્વનિર્ભર બનાવવા તેમજ સામાજિક અને આર્થિક સશક્તિકરણમાં તેઓનું યોગદાન વધારી શકાય છે. ગુજરાત સરકારનું સમાજ સુરક્ષા ખાતું સમાજના નબળા વર્ગના લોકો તથા દિવ્યાંગજનોના કલ્યાણ તથા પુનઃઉત્થાન અર્થે કાર્યરત છે.

તેમણે આશા વ્યક્ત કરી કે, ઇડીઆઇઆઈ ખાતે સ્થાપિત દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર રાજ્યના દિવ્યાંગજનોના સર્વાંગી ઉત્કર્ષ અર્થે તમામ પ્રયત્નો કરશે.

આ પ્રસંગે નવા સંશોધન ક્ષેત્રમાં સમીર કક્કડને, ઉભરતા ઉદ્યોગસાહસિક તરીકે જગદીશ પટેલને તથા દિવ્યાંગ મહિલા ઉદ્યોગ સાહસિકની શાખામાં હર્ષિદાબેન પ્રજાપતિને ઇડીઆઇઆઈ સંસ્થા તરફથી ટ્રોફી અને પ્રતિક સ્વરૂપે રોકડ પુરસ્કાર પણ આપવામાં આવ્યો હતો.

આંતરરાષ્ટ્રીય દિવ્યાંગજન દિવસની ઉજવણીના ભાગરૂપે દિવ્યાંગ ભાઇઓ-બહેનો માટે રમતોત્સવ સ્પર્ધાનું પણ આયોજન કરવામં આવ્યું હતું, જેમાં કેરમ, ચેસ, બેડમિન્ટન અને ટેબલ ટેનિસ જેવી રમતોનો સમાવેશ કરાયો હતો. 64 જેટલા દિવ્યાંગ પ્રતિસ્પર્ધીઓએ આ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો, જેનું ઉદ્ઘાટન રાજ્યના પેરાઓલિમ્પિયન બેડમિન્ટન ખેલાડી પારુલ પરમારના હસ્તે થયું હતું.

ઇડીઆઇઆઈ સંસ્થાના મહાનિર્દેશક ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય દિવ્યાંગજન દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ દિવ્યાંગજનોની સમસ્યાઓ અને પ્રશ્નોને હલ કરવા કયા પ્રકારની યોજનાઓ ઘડવી જોઈએ, તે વિશે વિચારવાનો છે, જેથી તેઓ સ્વમાનભેર જિંદગી જીવી શકે, તેમના અધિકારો મેળવી શકે તથા રાજકીય, આર્થિક, સામાજિક ક્ષેત્રે સામાન્ય જીવન જીવી શકે, કારકિર્દી વિકસાવી શકે.

ઇડીઆઇઆઈનું દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર દિવ્યાંગજનોની કુશળતામાં વધારો કરી, તેમનામાં ઉદ્યોગ સાહસિકતાનો ગુણ કેળવી તેઓને આત્મનિર્ભર બનાવવા કાર્યશીલ છે.

દલિત ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ( DICCI )ના સ્થાપક ડો. મિલિન્દ કામ્બલેએ ઇડીઆઇઆઈ સંસ્થાના દિવ્યાંગજનોના સર્વાંગીણ ઉત્કર્ષ અર્થે પ્રયાસોને બિરદાવ્યાં હતાં તેમજ ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને આ દિશામાં વિચારવા અને યોગ્ય પગલાં લેવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.

-